
# અલઝાઈમર્સ રોગ (Alzheimer's disease)ની હોમીયોપેથીક સારવાર

હમણા ઘણા સમયથી અલઝાઈમર્સ રોગ વિશે ઘણું સંભળાય છે. તબીબશાસ્ત્ર એને અસાધ્ય રોગ કહે છે. અમારી પાસે Alzheimer's ના દર્દીઓ છે. જેઓને હોમીયોપેથીક દવાઓથી સારી મદદ મળે છે. ઘણીવાર આવા દર્દીઓ જલ્દી ઓળખાતા નથી જેનું મુખ્ય કારણ છે કે આપણને આ રોગના લક્ષણો વિશે સંપૂર્ણ જ્ઞાન નથી. એટલે અમને થયું કે આ લેખમાં Alzheimer's રોગ વિશે વાત કરીએ.

Alzheimer's રોગમાં દર્દીના મગજના કોષો (brain cells) ઉપર અસર કરે છે જેના પરિણામરૂપે મનુષ્યની યાદશક્તિ (memory) અને મગજ દ્વારા થતા કાર્યો (mental functions)ને અસર થાય છે. આ રોગમાં મગજના કોષો (brain cells)નો નાશ થાય છે જેને કારણે ધીરે ધીરે વ્યક્તિની યાદશક્તિ ઓછી થતી જાય છે. આ રોગમાં જેટલી જલ્દી દવા શરૂ કરાય એટલું સારૂ પરિણામમળે છે અને રોગની પ્રગતિ અટકાવી શકાય છે અને એના લીધે જે મગજને નુકશાન થતું હોય એને reverse કરી શકાય છે.

**લક્ષણો :-** યાદશક્તિ ઓછી થઈ જવી; રોગની શરૂઆતમાં દર્દીને એવો ખ્યાલ આવવા માંડે છે કે એ નાની નાની વાત ભૂલી જાય છે - ચાવી ક્યાં મૂકી, લોકોના નામયાદ નહિ રહેવા; દર્દી એકજ વાક્ય વારંવાર બોલે અથવા એક જ પ્રશ્ન વારંવાર પૂછે - એમને યાદ નહીં રહે કે આ વાક્ય અથવા પ્રશ્ન એમણે પહેલાં પુછ્યો હતો, કોઈ જોડે કરેલી વાતચીત, appointment, પ્રસંગ ભૂલી જવાય; વસ્તુઓ એના નિયમીત જગ્યા ઉપર મૂકવાને બદલે ભળતી જગ્યાઓ મૂકી દેવાય; ઘરના સભ્યોના નામ અને રોજીંદા વપરાશમાં આવતી વસ્તુઓના નામ ભુલી જવાય; વાત કરતી વખતે શબ્દો યાદ નહીં આવવા, વગેરે વિચારવાની અને reasoningની ક્ષમતા પર અસર થાય : કોઈ કામ, વાંચન અથવા ક્રિયામાં એકાગ્રતા ઓછી થવા માંડે. ઘણા કામો એકસાથે કરવામાં (multi tasking) તકલીફ પડે, bankનું કામ, bills ભરવામાં તકલીફ થાય. આંકડા (numbers) સાથે કામ કરવાનું અઘરૂં લાગે.

રોજીંદા કામોમાં judgement અને નિર્ણય લેવામાં તકલીફ થાય. ગેસ ઉપર ખાવાનું બળતું હોય અથવા વાહન ચલાવતા વગેરે પરિસ્થિતિમાં સમજ નહીં પડે (confusion) કે શું કરવું. કપડા પહેરવાનું, નાહવાનું વગેરે રોજીંદી ક્રિયાઓ કરવામાં સમય જતા (રોગ વધતા) મુશ્કેલ બનતું જાય.




ઘણીવાર આ બધા લક્ષણોની સમજ અથવા ખબર દર્દીને નથી પડતી પણ ઘરના સભ્યોને, સાથે કામ કરતા મિત્રોને ખ્યાલ આવવા માંડે છે કે કાંઈ ગરબડ છે.

ઉપર મુજબની તકલીફો સાથે દર્દીને depressionનો અનુભવ થાય, helplessness જેવું લાગે, કોઈ કાર્ય કરવામાં ઉત્સાહ નહીં રહે, બધા લોકોથી દૂર રહેવાનો પ્રયત્ન કરે, એકલા રહેવાની કોશીશ કરે, mood swing જોવા મળે, વાતવાતમાં ગુસ્સે થાય અથવા ચિડવાઈ જાય. છતાં દર્દીની જે આવડતો, આદતો, માહિતીઓ જે દર્દી પોતાની જીંદગીની શરૂઆતમાં શીખેલા હોય એ આ રોગના આખરી તબક્કા સુધી યાદ રહે છે. એટલે આપણે એ જોઈએ છે કે દર્દી હાલમાં થઈ ગયેલી ઘટના, વાત વગેરે ભુલી જાય છે પણ વર્ષો જુની વાત અથવા ઘટના બરોબર યાદ રહે છે. દર્દીને વાંચન કરતા, નાચતા, ગીત ગાતા, સંગીત માણતા, શોખો તથા જુની યાદો વગેરેમાં તકલીફ નથી પડતી.

વધુમાં Alzheimer'sના દર્દીઓ પોતાની તકલીફો (દુખાવો, બીજા લક્ષણો) વ્યક્ત નથી કરી શકતા, દવા લેવામાં યાદ નથી રાખી શકતા, દવાની આડ અસરો વિશે પણ નથી કહી શકતા. જેમ રોગ વધે તેમદર્દીની શારીરિક ક્રિયાઓ પર અસર પડે છે. દા.ત. ખાવાનું ગળવામાં, body balance, પેશાબ અને જુલાબનો control. એટલે આ રોગના દર્દીઓને ખાવા પીવાનું શ્વાસ નળીમાં જાય, ન્યુમોનીયા અને બીજા infection લાગે, પડી જાય, fracture થાય, કુપોષણ (malnutrition) અને dehydration થાય છે.

**કારણ :-** વૈજ્ઞાનિકોના મત પ્રમાણે Alzheimer's diseaseના કારણોમાં વારસાગત (genetic, hereditary), જીવનશૈલી (lifestyle) અને environmental કારણો બધા જવાબદાર છે. તબીબશાસ્ત્ર આ રોગના ચોક્કસ કારણ વિશે નથી જાણી શક્યું પણ રોગને લીધે મગજમાં શું ફેરફાર થાય છે એના વિશે જાણી શક્યું છે. આ રોગમાં મગજના કોષો (brain cells) damage થાય છે અને મરી જાય છે જેને કારણે રોગ વધતા મગજ સંકોચાય છે અને નાનું થઈ જાય છે. આ રોગ ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓમાં જોવા મળે છે.

**નિદાન :-** Alzheimer's રોગના નિદાન માટે કોઈ ચોક્કસ તપાસ નથી શોધાઈ. દર્દીના લક્ષણો ઉપરથી નિદાન કરી શકાય છે.

**સારવાર :-** તબીબશાસ્ત્રના મતે આ રોગ અસાધ્ય રોગ છે. હોમીયોપથીમાં Alzheimer's disease માટે ઘણી દવાઓ છે જે brail cellsનો નાશ થતા અટકાવે છે અને યાદશક્તિમાં વધારો કરી શકે છે. બીજા અસાધ્ય રોગોની જેમ આ રોગમાં પણ જેટલી જલ્દી સારવાર શરૂ કરાય એટલું પરીણામ સારૂં મળે છે. હોમીયોપેથીક દવા નક્કી કરવા માટે દર્દીની સંપૂર્ણ વિગત હોવી ઘણી જરૂરી છે. દર્દીના હાલના લક્ષણો, લક્ષણોનો શરૂ થવાનો સમયગાળો, લક્ષણોને કારણે દર્દીના મન ઉપર થતી અસર, દર્દીના mental, emotional, psychological લક્ષણો, ભૂતકાળની માંદગીઓ અને વારસાગત રોગોની માહિતી. આ બધી વિગતને ધ્યાનમાં રાખી હોમીયોપેથીક દવા આપવાથી રોગમાં ધીરે ધીરે ફાયદો દેખાય છે.

હોમીયોપેથીક દવાની અસર રોગ પ્રતિકારક શક્તિ, મગજના જ્ઞાનતંતુઓ (nervous system), endocrine glands (hormones) પર થાય છે એટલે જે રોગ આ શરીરની system માંથી ઉદ્‌ભવે છે એ બધા રોગો ઉપર સારી અસર બતાવે છે. Alzheimer's રોગ જેવા બીજા મગજના રોગોમાં દા.ત. Dementia, depression, behaviour, issues, fears, ADHD, Down's syndrome વગેરેમાં પણ હોમીયોપેથીક દવાઓ ઘણી સારી અસર બતાવે છે.

આપને આના વિશે વધુ જાણવું હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી છે.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email :
homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]

# શ્રદ્ધા કપૂરની ટૂંકા સમયમાં ૩ ફિલ્મો રજૂ થવા માટે તૈયાર છે

બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલી શ્રદ્ધા કપુરની ત્રણ ફિલ્મો આ વર્ષે રજૂ કરવામાં આવનાર છે. જે પૈકીની પ્રથમફિલ્મસ્ત્રી હોરર અને કોમેડી ફિલ્મછે. ફિલ્મમાં તેની સાથે રાજકુમાર રાવ કામકરી રહ્યો છે. બીજી તેની ફિલ્મબત્તી ગુલ મીટર ચાલુ નામની ફિલ્મ ૨૧મી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં શાહીદ કપુરની ભૂમિકા રહેલી છે. આ ફિલ્મ લાંબા સમયથી અટવાયેલી હતી.

ફિલ્મમાં અભિનેત્રી તરીકે કોણ રહેશે તે અંગે દુવિધાભરી સ્થિતી હતી. જો કે છેલ્લે અભિનેત્રી તરીકે શ્રદ્ધા કપુરની પસંદગી કરવામાં આવી હતી. પહેલા કેટરીના કેફ અને ઇલિયાના ડી ક્રુઝના નામ સપાટી પર આવ્યા હતા. જો કે અંતે શ્રદ્ધા કપુરના નામપર સહમતિ થઇ ગઇ હતી. શ્રદ્ધા કપુરનુ નામ નક્કી કરવામાં આવ્યા બાદ તરત જ શુટિંગ શરૂ



કરવામાં આવ્યુ હતુ. શ્રદ્ધા કપુર અને શાહિદ કપુરની જોડી બીજી વખત હવે કામ કરવા જઇ રહી છે. પહેલા બન્નેની જોડી હૈદરમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સરેરાશ સફળ રહી હતી. જો કે આ ફિલ્મને અનેક એવોર્ડ મળ્યા હતા. ફિલ્મનુ શુટિંગ ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવ્યુ હતુ. ફિલ્મના નિમાતા પ્રેરણા અરોડાના કહેવા મુજબ ફિલ્મસૌથી પહેલા કેટરીના કેફને ઓફર કરવામાં આવી હતી. આનંદ એલ રોય વ્યસ્ત હોવાના કારણે તે ફિલ્મકરી શકી નથી.

રોયની સાથે કેટરીના કેફ અન્ય ફિલ્મમાં કામકરી રહીછે. કેટરીના, ઇલિયાના અને અન્ય અભિનેત્રીનો સંપર્ક કરવામાં આવ્યા બાદ આખરે શ્રદ્ધા કપુરને ફિલ્મમાટે મનાવી લેવામાં આવી હતી. શ્રદ્ધા કપુર તરત રોલ કરવા માટે તૈયાર થઇ ગઇ હતી. શ્રદ્ધા પાસે અન્ય બે ફિલ્મો પણ છે.